ઓલપાડમાં પત્નીના મિત્રની હત્યામાં પતિ અને દિયરને આજીવન કેદની સજા

પત્નીએ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદની અદાવતમાં બન્ને ભાઈએ હુમલો કરતા મોત થયું હતું

સુરતઃ ઓલપાડ ખાતે પત્નીએ પોલીસ સ્ટેશનમાં કરેલી ફરિયાદની અદાવતમાં પતિ અને દિયરે પત્ની અને તેણીના મિત્ર ઉપર જીવલેણ હુમલો કરી મિત્રની હત્યા કરી દેવાના કેસમાં બે સગા ભાઈઓને કોર્ટે કસૂરવાર ઠેરવી આજીવન કેદની સજા ફટકારતો હુકમ ફરમાવ્યો હતો.

કેસની વિગત એવી છે કે, ઓલપાડ જિલ્લા ઉમરાગામ ખાતે આવેલ શિવપાર્ક રેસિડેન્સીમાં રહેતા પ્રિતેશ દેવજી ડાભીએ રિયાબેન સાથે પ્રેમ લગ્ન કર્યા હતા. આ લગ્ન બંનેના પરિવારને અસ્વીકાર હોય જેથી પ્રિતેશ અને રિયા ભાડાના મકાનમાં અલગ રહેતા હતા. લગ્નના થોડા દિવસ બાદ પ્રિતેશનો કામ ધંધો બંધ થઈ ગયો હતો. જેથી પતિ અને પત્ની રિયા વચ્ચે તકરાર થતી રહેતી હતી. પતિ પ્રિતેશ પત્નીને માર મારતા મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો અને પત્ની રિયાએ પતિ પ્રિતેશ સામે પોલીસ ફરિયાદ પણ નોંધાવી હતી. દરમિયાન રિયા પોતાના પિયર રહેવા માટે આવી ગઈ હતી. રિયા માતા સાથે જે મકાનમાં રહેતી હતી. તે ભાડાનું મકાન ઘર માલિકે ખાલી કરવા માટે કહ્યું હતું. ત્યારબાદ રિયા ઉમરાગામમાં ભાડેથી રહેવા માટે ગઈ હતી. ભાડાના નવા મકાનમાં ઘરનો સર-સામાન શિફ્ટિંગ થઈ રહ્યો હતો. ઘરનો સામાન શિફ્ટિંગ કરવા માટે રિયાએ તેના મિત્ર ગોરધન ભાઈની મદદ લીધી હતી. આ દરમિયાન રિયાનો પતિ પ્રિતેશ ત્યાં આવી ગયો હતો અને મારી વિરુદ્ધ ઓલપાડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી છે તેમ કહી રિયા ઉપર ચપ્પુથી હુમલો કર્યો હતો. બીજી તરફ પ્રિતેશનો ભાઈ અનિલ ડાભી પણ ત્યાં આવી ભાભી રિયા ઉપર ચપ્પુથી હુમલો કર્યો હતો. ત્યારબાદ રિયાનો મિત્ર ગોરધન તેણીને બચાવવા વચ્ચે પડતા પ્રિતેશ અને અનિલે ગોરધન ઉપર ચપ્પુથી ઉપરા છાપરી ઘા ઝીંકી તેની હત્યા કરી દીધી હતી. ઓલપાડ પોલીસે પ્રિતેશ અને અનિલ વિરુદ્ધ હત્યા અને હત્યાની કોશિશનો ગુનો નોંધી તેમની ધરપકડ કરી હતી. આ કેસની કાર્યવાહી સુરત કોર્ટમાં ચાલી હતી. સરકારી વકીલ વિશાલ ફળદુએ આરોપીઓને કાયદાની જોગવાઈ મુજબ સજા થાય તેવી દલીલો કરી હતી. કોર્ટે બંને આરોપીઓને આજીવન કેદની સજાનો હુકમ ફરમાવ્યો હતો.

સુરત જિલ્લામાં 5.80 લાખથી વધુ લોકોની ડાયાબિટીસ, પ્રેસરની નિઃશુલ્ક તપાસ કરાશે

રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ દ્વારા મેગા સ્ક્રિનીંગ અભિયાનનો પ્રારંભ, 31 માર્ચ સુધી 30 વર્ષથી વધુ વયના નાગરિકોનો ઘરે ઘરે ટેસ્ટ કરાશે

સુરતઃ રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા હાઈબ્લડપ્રેશર (બી.પી.) અને ડાયાબિટીસ (સુગર) માટે વિશેષ મેગા સ્ક્રિનીંગ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. ૨૦ ફેબ્રુઆરીથી ૩૧ માર્ચ સુધી ચાલનારા આ અભિયાન અંતર્ગત સુરત જિલ્લામાં ૩૦ વર્ષથી વધુ ઉંમરના અંદાજે ૫.૮૦ લાખ નાગરિકો માટે આરોગ્ય ટીમ દ્વારા ઘરે ઘરે જઈ નિઃશુલ્ક તપાસ કરવામાં આવશે.આ અભિયાન સુરત જિલ્લાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. અનિલ ડી. પટેલ અને અધિક જિલ્લા આરોગ્ય અધિકારી ડો. સુજીત બી. પરમારના માર્ગદર્શન હેઠળ હાથ ધરાયું છે. અભિયાન હેઠળ નિઃશુલ્ક બ્લડ પ્રેશર અને ડાયાબિટીસ (બી. પી. અને સુગર)ની તપાસ, શંકાસ્પદ દર્દીઓનું તાત્કાલિક નિદાન અને દવાનો ઉપચાર, આરોગ્ય ટીમ દ્વારા ઘરે ઘરે જઈ તપાસની સુવિધા અને ચેપી રોગોના નિદાન અને સારવાર માટે પણ વિશેષ વ્યવસ્થા કરાઈ છે.

આ અભિયાનમાં લાભ લેવા માટે નાગરિકો નજીકના આરોગ્ય કેન્દ્ર, જિલ્લા હોસ્પિટલ, પેટા જિલ્લા હોસ્પિટલ, સામૂહિક આરોગ્ય કેન્દ્ર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને આયુષ્માન આરોગ્ય મંદિર ખાતે નોંધણી કરાવી શકશે. આશા કાર્યકર અને આરોગ્ય કર્મચારીઓ પણ ઘરે આવી નોંધણી કરવાની અને તપાસ કરવાના કામમાં સહયોગ આપશે.

ખેતીની જમીનને બિનખેતીમાં ફેરવવા લાંચ માંગનાર જુનિયર ક્લાર્કને 3 વર્ષની જેલ

ડચ ગાર્ડન માર્ગ-મકાન વિભાગની કચેરીમાં નોકરી કરતા બાલુ સુરતી 6 હજારની લાંચ લેતા રંગેહાથ ઝડપાયો હતો

કોર્ટે 10 હજારનો દંડ પણ ફટકાર્યો, નહીં ભરે તો વધુ 3 મહિના કેદ ભોગવવી પડશે

સુરતઃ પંચાયત માર્ગ અને મકાન વિભાગ, નાયબ કાર્યપાલક ઈજનેરની કચેરીમાં ફરજ બજાવતા વિભાગ-3ના જુનિયર કલાર્ક ખેતીની જમીન બિનખેતીમાં ફેરવવા બદલ 6 હજાર રૂપિયાની લાંચ માંગતા ACBના છટકામાં ઝડપાયો હતો. જે કેસ કોર્ટમાં ચાલી જતાં કોર્ટે આરોપીને 3 વર્ષની સજા તેમજ 10 હજાર રૂપિયા દંડની સજા ફટકારી છે.

કેસની વિગત એવી છે કે, પાલનપુરગામ જલારામ મંદિરની પાછળ રહેતા આરોપી બાલુભાઈ લલ્લુભાઈ સુરતી, માર્ગ અને મકાન વિભાગ કચેરી કાર્યપાલક ઈજનેર પંચાયતમાં જુનિયર ક્લાર્ક વર્ગ-3માં નોકરી કરે છે. ફરિયાદીની મહુવા તાલુકાના ધામકડી ગામે આવેલ સર્વે નં. 175/1 બ્લોક નં. 210ની ખેતીની જમીન છે. જે જમીન પર તેને કપચી પ્લાન ચાલુ કરવાનો હોવાથી આ ખેતીની જમીનને બીનખેતીમાં ફેરવવાની હતી, જેથી તેમણે મહુવા તાલુકા વિકાસ અધિકારીની કચેરીમાં અરજી કરી હતી. આ પ્રક્રિયા માટે આરોપી બાલુભાઈએ રૂ.6,000 લાંચની માંગણી કરી હતી. વિશ્વસનીય માહિતીના આધારે ACB (એન્ટી કરપ્શન બ્યુરો) દ્વારા નાનપુરા ડચ ગાર્ડન પાસે છટકું ગોઠવવામાં આવ્યું હતું, જેમાં આરોપી 6,000ની લાંચ લેતા રંગેહાથ ઝડપાઈ ગયો હતો. આ ઘટનાને પગલે ACB પોલીસ મથકમાં ગુનો નોંધવામાં આવ્યો હતો.

તપાસના અંતે આરોપી વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરી કોર્ટમાં કેસને મોકલવામાં આવ્યો હતો. જેમાં સુરતની 12મી એડીશનલ સેશન્સ કોર્ટે સૌથી મહત્વના મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓના આધારે આરોપી બાલુ સુરતીને દોષી ઠેરવી 3 વર્ષની સાદી કેદ અને રૂ.10,000 દંડની સજા ફટકારી છે. જો દંડ નહીં ભરાય તો, વધારાની 3 મહિનાની કેદ પણ ભોગવવી પડશે તેમ આદેશમાં વધુમાં ઉમેર્યું હતું.

વિધાનસભામાં વાટાઘાટો

તાપી-કરજણ સિંચાઇ માટેની લીફ્ટ યોજનાનું ૯૨% કામ પૂર્ણ

સુરત અને નર્મદા જિલ્લાના ૭૩ ગામોના ૫૩,૭૪૮ એકર વિસ્તારને લાભ મળશે

ગાંધીનગર : સુરત અને નર્મદા જિલ્લાના ખેડૂતોને સિંચાઈ માટે સુવિધા પૂરી પાડવા રૂ. ૬૫૧ કરોડના ખર્ચે નિર્માણધીન તાપી-કરજણ લિફ્ટ યોજનાનું ૯૨% કામ પૂર્ણ થયું છે જેનું લોકાર્પણ ટૂંક સમયમાં કરાશે, તેવું જળ સંપત્તિ રાજ્ય મંત્રી મુકેશ પટેલે વિધાનસભામાં એક પ્રશ્નના લેખિત જવાબમાં જણાવ્યું હતું.

તેમણે વધુમાં કહ્યું હતું કે, તાપી-કરજણ લીફ્ટ યોજના એ ભારતની પહેલી ઐતિહાસિક સિંચાઈ યોજના છે. જેમાં ૨૧૨ મીટર ઊંચાઈ સુધી પાણી લિફ્ટ કરીને ખેડૂતોના ખેતર સુધી પાણી પહોંચાડવાનું આયોજન છે. આ યોજના થકી સુરત અને ઉંમરપાડાના ૭૩ ગામોમાં ૫૩,૭૪૮ એકર જમીનને સિંચાઈની સુવિધાનો લાભ મળશે. જેમાં સુરત જિલ્લાના ઉમરપાડા તાલુકાના ૫૧ ગામોમાં ૩૫,૯૪૬ એકર વિસ્તાર અને નર્મદા જિલ્લાના ડેડિયાપાડા તાલુકાના ૨૨ ગામોમાં ૧૭,૮૦૨ એકર વિસ્તારનો સમાવેશ થાય છે.

ત્રણ વર્ષમાં રિન્યૂએબલ ઊર્જા ઉત્પાદન ક્ષમતા વધીને ૩૨,૩૦૦ મેગાવોટ થઈ

ગાંધીનગર : છેલ્લાં ત્રણ વર્ષમાં રાજ્યની કુલ રિન્યૂએબલ ઊર્જા ઉત્પાદન ક્ષમતા ૧૫,૪૦૦ મેગાવોટથી વધીને ૩૨,૩૦૦ મેગાવોટ કરવામાં આવી છે. વિધાનસભામાં પ્રશ્નના લેખિત જવાબમાં ઊર્જા મંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, વર્ષ-૨૦૨૪ દરમિયાન રાજ્યમાં બે વખત વીજદરોમાં ઘટાડો કરવામાં આવતાં કુલ સરેરાશ રૂ. ૨૦૦૪ કરોડની રાહત આપવામાં આવી છે. વીજ નિયમન પંચ દ્વારા દર ત્રણ મહિને રાજ્યમાં જે પ્રમાણમાં વીજ ઉત્પાદન થાય, તેની સામે થયેલા ખર્ચની ગણતરી કરીને તે મુજબ ફ્યૂઅલ ચાર્જ નિયત કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન બે વખત વીજ દરોમાં ઘટાડો કરવામાં આવ્યો છે. તા. ૧-૧-૨૦૨૪ની અસરથી યુનિટદીઠ ૫૦ પૈસા, જ્યારે તા. ૧-૧૦-૨૦૨૪થી ૪૦ પૈસા એમ બે વખત ઘટાડો કરવામાં આવતાં વર્ષ-૨૦૨૪માં વીજગ્રાહકોને કુલ રૂ. ૨૦૦૪ કરોડની સરેરાશ રાહત આપવામાં આવી છે.

ખેડૂતોને ખેતીવાડી વીજ જોડાણ માટે વીજ લાઇન કે ટ્રાન્સફોર્મરનો કોઈ ખર્ચ લેવાતો નથી

ગાંધીનગર : વિધાનસભામાં કૃષિવિષયક વીજ જોડાણ અંગેના પ્રશ્નના લેખિત જવાબમાં ઊર્જામંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતુ કે, ખેડૂતોને નવા કૃષિ વિષયક વીજ જોડાણ માટે આગવુ ટ્રાન્સફોર્મર આપવામાં આવે છે. એક નવા કૃષિ વિષયક વીજ જોડાણ માટે વીજ કંપનીને વીજ લાઇન અને ટ્રાન્સફોર્મરની કામગીરી માટે અંદાજિત સરેરાશ રૂ.૧.૭૩ લાખ જેટલો ખર્ચ થાય છે. પરંતુ ખેડૂત પાસેથી વીજ લાઇન કે ટ્રાન્સફોર્મરનો કોઈ ખર્ચ લેવામાં આવતો નથી. સામાન્ય યોજના હેઠળ વીજ જોડાણ માટે ખેડૂત પાસેથી માત્ર સર્વિસ કનેક્શન ચાર્જ અને એનર્જી ડિપોજિટના નાણાં જ લેવામાં આવે છે. જે હેઠળ પાંચ હો.પા.ના વીજ જોડાણ માટે આ યોજના હેઠળ ખેડૂતે રૂ. ૭,૮૫૫ ભરપાઈ કરવાના થાય છે તથા ૧૦ હો.પા. ના વીજ જોડાણ માટે ખેડૂતે રૂ. ૧૪,૧૯૦ ભરપાઈ કરવાના થાય છે. સાગરખેડૂ યોજના હેઠળ પણ આજ રીતે ચાર્જ લેવામાં આવે છે. રાજ્યમાં સામાન્ય યોજના સિવાય ખેડૂતોને વિવિધ યોજનાઓ હેઠળ ખેતીવાડી વીજ જોડાણ આપવામાં આવે છે. રાજ્યના આદિજાતિ વિસ્તારોના ખેડૂતોએ આ યોજના હેઠળ માત્ર એનર્જી ડિપોજિટના નાણાં જ ભરવાના રહે છે. એ જ રીતે રાજ્યના અનુસૂચિત જાતિના ખેડૂતોએ આ યોજના હેઠળ માત્ર એનર્જી ડિપોજિટના નાણાં જ ભરવાના રહે છે. છેલ્લા દશ વર્ષમાં વર્ષે સરેરાશ ૮૫ હજારથી વધુ નવા ખેતીવાડી વીજ જોડાણો આપવામાં આવ્યા છે.છેલ્લા ત્રણ વર્ષમાં જોઈએ તો વર્ષ ૨૦૨૧-૨૨ માં ૬૨,૯૭૭ વર્ષ ૨૦૨૨-૨૩માં ૭૨,૭૩૪ અને ૨૦૨૩-૨૪માં ૮૩,૯૪૧ નવીન ખેતીવાડી વીજ જોડાણો પુરા પડાયા છે. વર્ષ ૨૦૨૪-૨૫માં જાન્યુઆરી - ૨૦૨૫ની સુધીમાં ૫૭ હજારથી વધુ વીજ જોડાણો આપી દેવામાં આવ્યા છે.

શુક્રવારે આ સી ફુડ ફેસ્ટિવલનો વનમંત્રી મુકેશ પટેલના હસ્તે પ્રારંભ કરવામાં આવ્યો

દાંડી બીચ સી-ફૂડના શોખીનોની રાહ જોઈ રહ્યો છે

ગોવાના સી ફુડ ફેસ્ટિવલ કરતાં પણ વધુ વાનગીઓ ધરાવતા 45 સ્ટોલ આ આયોજનમાં જોવા મળશે

રાજ્યના બજેટમાં મત્સ્યોદ્યોગ માટે વિશેષ જોગવાઈ કરવામાં આવી છે, જેનાથી નાના માછીમારોની આર્થિક, સામાજિક ઉન્નતિ થશેઃ વન મંત્રી મુકેશભાઈ પટેલ

સુરતઃ જો તમે સી ફુડના શોખીન હોવ તો ઓલપાડ તાલુકાના દાંડી બીચ ખાતેના 'દાંડી સી-ફૂડ ફેસ્ટિવલ-૨૦૨૫'નો ચોક્કસપણે લાભ લેવો જોઈએ. આ ફેસ્ટિવલનો આજે રાજ્યના વનમંત્રી મુકેશ પટેલના હસ્તે પ્રારંભ કરવામાં આવ્યો હતો. ફેસ્ટિવલ આગામી તા.23મી સુધી ચાલશે અને તેમાં સી ફુડના ૪૫ સ્ટોલ ઉભા કરવામાં આવ્યા છે. આમ તો ગોવા ખાતે આવો સી ફુડ ફેસ્ટિવલ યોજાય છે પરંતુ આ એવો ફેસ્ટિવલ હશે કે જેમાં ગોવા કરતાં પણ વધુ સી-ફુડની વાનગીઓ હશે.

આ પ્રસંગે વન મંત્રી મુકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, સામાન્ય રીતે દરિયા કિનારાઓ પર વિવિધ પ્રકારના ફેસ્ટિવલ યોજાતા હોય છે, પરંતુ સી-ફુડ ફેસ્ટિવલનું આયોજન કરવું એ એક મહત્વપૂર્ણ પગલું છે. ગુજરાતમાં પ્રથમ વખત દાંડીગામના બીચ પર આ પરંપરા શરૂ થઈ રહી છે. વધુમાં તેમણે કહ્યું કે, દરિયાકાંઠા પર વસવાટ કરતા લોકોના જીવન અને રોજગાર માટે દરિયો મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ક્લાઈમેટ ચેન્જને કારણે જે લોકો દરિયો ખેડવા (ફિશિંગ) માટે જઈ શકતા નથી, એમના માટે ગુજરાત સરકાર દ્વારા દરિયાકાંઠાના વિસ્તારોમાં ઝીંગાની ખેતી (એક્વાકલ્ચર) શરૂ કરવાની યોજના અમલમાં મૂકવામાં આવી છે, જેનાથી તેઓ પોતાનો સ્વતંત્ર વ્યવસાય શરૂ કરી શકે.

વડાપ્રધાન મોદીએ મત્સ્યોદ્યોગ માટે એક સ્વતંત્ર મંત્રાલયની સ્થાપના કરી છે, એનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું, આ વિભાગ માછીમારોના હિતમાં કાર્યરત છે. આ વર્ષે રજૂ થયેલા બજેટમાં પણ મત્સ્યોદ્યોગ માટે વિશેષ જોગવાઈ કરવામાં આવી છે, જેનાથી નાના માછીમારોની આર્થિક, સામાજિક ઉન્નતિ થશે. તેમણે કહ્યું કે, દાંડી ગામનો બીચ ટૂંક સમયમાં સંપૂર્ણ રીતે વિકસિત થઈ પ્રવાસન માટે એક મહત્વપૂર્ણ સ્થળ બનશે, જેનાથી ગામના લોકો માટે રોજગારની નવી તકો સર્જાશે. સાગરખેડૂઓને સ્વરોજગારીની તકો વધારવા માટે પણ સરકાર પ્રયત્નશીલ હોવાનું જણાવ્યું હતું.

આ પ્રસંગે સુરત મત્સ્યોદ્યોગ વિભાગના ડેપ્યુટી ડિરેક્ટર કિરીટ આર. પટ્ટણી, સિબા નિયામક કુલદીપભાઈ લાલ, મત્સ્યોદ્યોગ નાયબ નિયામક શ્રીમતી બિંદુબેન પટેલ, અગ્રણીઓ કુલદીપસિંહ અને અંકુર પટેલ, સુરત ડિસ્ટ્રિક્ટ એક્વાકલ્ચર એસો.ના પ્રમુખ પ્રદિપભાઈ નાવિક, કોર્પોરેટર કૃણાલભાઈ સેલર, અશોકભાઈ રાંદેરિયા સહિત મોટી સંખ્યામાં નાગરિકો, પ્રવાસીઓ ઉપસ્થિત રહ્યા હતા.

માંગરોળમાં પ્રેમિકાની હત્યા કરનાર પ્રેમી હજુ 20-25 દિવસે બોલતો થશે, બાદમાં પોલીસ પૂછપરછ શરૂ કરશે

સિવિલ હોસ્પિટલમાં 10 સેમી લાંબા, 4 સેમી ઊંડા અને 4 સેમી પહોળા ઘાની 40 ટાંકા લઈ 3 કલાક સર્જરી કરવામાં આવી

સુરતઃ માંગરોળ તાલુકાના વાંકલ પાસે પ્રેમિકાની હત્યા કરી પ્રેમીએ પોતાના ગળા પર ચપ્પુના ઘા મારી આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. ઇજાગ્રસ્ત હાલતમાં તેને સારવાર માટે સુરત નવી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં પ્રેમીને ગળા પર 10 સેમી લાંબો, 4 સેમી ઊંડો અને 4 સેમી પહોળો ઘા જોવા મળ્યો હતો. ત્રણ કલાક સર્જરી કરી 4 લેયરમાં 40 જેટલા ટાંકા લેવામાં આવ્યા છે, હવે તે અંદાજિત 20થી 25 દિવસમાં બોલતો થઈ જાય તે માટેની હોસ્પિટલના ડોક્ટર તૈયારીઓ કરી રહ્યા છે.

માંગરોળ તાલુકાના બોરીચા ગામમાં નવીનભાઈ ચૌધરીની તેજસ્વિની નામની પુત્રી કોલેજના બીજા વર્ષમાં અભ્યાસ કરતી હતી. મંગળવારે તેની કોલેજમાં એન્યુઅલ ફંક્શન હતું, જેથી તે મોપેડ લઈને ઘરેથી કોલેજ જવા માટે નીકળી હતી. ત્યારબાદ વાંકલ જતા રોડ પર તેજસ્વિની અને તેનો પ્રેમી સુરેશ જોગી ઇજાગ્રસ્ત હાલતમાં પડ્યા હોવાનો ગામમાં મેસેજ ફરતો થયો હતો. જ્યાં તેજસ્વિનીની હત્યા કરી પ્રેમી સુરેશે પોતાના ગળા પર ચપ્પુના મારી આત્મહત્યાનો પ્રયાસ કર્યો હોવાનું સામે આવ્યું હતું. ગંભીર ઇજાગ્રસ્ત હાલતમાં સુરેશને સારવાર માટે સુરત નવી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. સુરેશને સર્જરી વિભાગમાં લઈ જઈ જવામાં આવ્યો હતો, સુરેશને ગળા પર 10 સેમી લાંબો, 4 સેમી ઊંડો અને 4 સેમી પહોળો ઘા જોવા મળ્યો હતો.

ધરપકડ બાકી હોવાથી તેને પ્રિઝનર વોર્ડમાં ખસેડાયો નથી, માતા-પિતા સારસંભાળ રાખે છે

ઘટના બાદ સુરેશને સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હોવાથી હાલ તેને પ્રિઝનર વોર્ડમાં રાખવામાં આવ્યો નથી. હજુ આરોપી તરીકે તેની ધરપકડ ન થઇ હોવાથી તેને પ્રીઝનર વોર્ડમાં રાખી ન શકાય. હાલ પણ ચાર જેટલા પોલીસ દ્વારા તેની પર નજર રાખવામાં આવી રહી છે. સુરેશ સાથે તેની માતા અને પિતા બંને હોસ્પિટલમાં તેની સંભાળ રાખી રહ્યા છે.

ફેફસામાં લોહી જતા ન્યૂમોનિયા થઈ ગયો, ગળા પર લીધેલા ટાંકા 7 દિવસે કઢાશે

સર્જરી બાદ શ્વાસ માટે અને અન્ન માટે પ્લાસ્ટિકની નળીઓ નાખવામાં આવેલી છે. જો કે ગળા પર ઘા મારવાના કારણે થોડું લોહી તેના ફેંફસામાં ગયું હોવાની શક્યતા છે. જેના પગલે તેને ફેંફસામાં ઇન્ફેક્શન થયું હોવાનું સિટી સ્કેનમાં જાણવા મળ્યું છે અને તેને ન્યુમોનિયા થઈ ગયો છે. સ્વરપેટી પણ ડેમેજ થઈ હોવાથી તેને બોલવામાં હાલ તકલીફ થઈ રહી છે. એવું કહી શકાય કે તે બોલી જ શકતો નથી. ફેંફસામાં ઇન્ફેક્શનના કારણે શ્વાસ અને અન્નનળીની હજુ 10થી 15 દિવસ તકલીફ રહેશે. ગળા પર લેવામાં આવેલા ટાંકા સાત દિવસમાં કાઢી લેવામાં આવે તેવી શક્યતા છે. નળીઓ નીકળ્યા બાદ તેને એક નાના બાળકની જેમ એક એક શબ્દ બોલાવવામાં આવશે અને ત્યારબાદ તે બોલતો થઈ શકે તેવી શક્યતા છે. સુરેશ સહકાર આપશે તો આ અંદાજ પ્રમાણે તે 20થી 25 દિવસમાં બોલતો થઈ શકશે. હાલ તો સુરેશને પોલીસની વોચ હેઠળ સારવાર આપવામાં આવી રહી છે.

૯ માર્ચ સુધી સરકાર ટેકાના ભાવે ચણા અને રાયડાની ખરીદી કરશે

સુરતઃ રાજ્યના ખેડૂતોને પોષણક્ષમ ભાવ અને આર્થિક સુરક્ષા મળે તે માટે સરકાર દ્વારા ચણા અને રાયડાની ટેકાના ભાવે ખરીદી કરાશે. ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ માટે ચણાના રૂ.૫૬૫૦ અને રાયડાના રૂ.૫૯૫૦ પ્રતિ ક્વિન્ટલ ટેકાના ભાવ જાહેર કરવામાં આવ્યા છે. પીએમ આશા (પ્રધાનમંત્રી અન્નદાતા આય સંરક્ષણ અભિયાન) યોજના અંતર્ગત પીએસએસ હેઠળ રાજ્યમાં ચણા અને રાયડા પાકની ટેકાના ભાવે વિવિધ કેન્દ્રોથી ખરીદી થશે. 14 માર્ચથી ખરીદીનો પ્રારંભ કરાશે.

રાજ્ય સરકાર ચણા અને રાયડાના પાકની ખેડૂતો પાસેથી પૂરતા પ્રમાણમાં ખરીદી કરશે. જે માટે સરકારે આગોતરૂં આયોજન હાથ ધર્યું છે. જેથી ચણા અને રાયડો પકવતા ખેડૂતોને વધુમાં વધુ લાભ લેવા જિલ્લા ખેતીવાડી અધિકારીએ જણાવ્યું છે.

આદિવાસી સમાજ અમારો ટાઈગર, ક્યારે જંગલમાંથી છલાંગ મારશે એ ખબર નહીં પડે

હેલિકોપ્ટરમાં આદિવાસી વરરાજાની જાન મુદ્દે અભદ્ર ટિપ્પણીથી આદિવાસી સમાજ લાલચોળ

લાલાભાઈ નામના યુવકે કોમેન્ટમાં આદિવાસી યુવતીઓ, માતા-બહેનો પર નિર્લજ્જ ટિપ્પણી કરતાં સમાજમાં રોષની લાગણી

ભરૂચમાં આદિવાસી સમાજે તીર-કામઠાં સાથે રેલી કાઢી કલેક્ટર, એસપીને આવેદન આપ્યું, તુરંત તપાસ કરાવવા માંગ

ભરૂચઃ તાજેતરમાં ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકાના ખરચી ગામેથી વસાવા આદિવાસી સમાજનો યુવાન ભરૂચના નિકોરા ખાતે હેલિકોપ્ટરમાં જાન લઈને લગ્ન કરવા ગયો હતો. જેનો વીડિયો સોશ્યલ મીડીયામાં વાયરલ થયો હતો. જેને લઈને લાલાભાઈ નામના યુવકે આદિવાસી સમાજની યુવતીઓ, માતા-બહેનો પર નિર્લજ્જ ટીપ્પણી કરી હતી. જેથી આદિવાસી સમાજનો રોષ ભભૂકી ઉઠ્યો છે. જે બાબતે આદિવાસી સમાજે શુક્રવારે જિલ્લા કલેકટર અને એસપીને આવેદન આપી સોશ્યલ મીડિયામાં ટિપ્પણી કરનારને પકડીને કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરી હતી. મોટી સંખ્યામાં લોકોએ સર્કિટ હાઉસ ખાતેથી હાથોમાં તીર કામઠા સાથે રેલી સ્વરૂપે કલેક્ટર કચેરી પહોંચી ભારે સૂત્રોચ્ચાર સાથે કચેરી ગજવી મૂકી હતી. આ કાર્યક્રમમાં માજી ધારાસભ્ય મહેશ વસાવા, દિલીપ છોટુભાઈ વસાવા સહિત સમાજના આગેવાનો ભાઈઓ-બહેનો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા.

માજી ધારાસભ્ય મહેશ વસાવાએ જણાવ્યું હતું કે, દેશના રષ્ટ્રપતિ આદિવાસી સમાજનાં છે, એમને અમારી વિનંતી છે કે આ સમાજ પર આવી અભદ્ર ટિપ્પણી યોગ્ય નથી. છોકરો હેલિકોપ્ટર લઈને છોકરી લેવા જાય એ ગૌરવની વાત છે. આવનારા સમયમાં વિમાન લઈને પણ જાન જોડશે. મુખ્યમંત્રી અને ગૃહમંત્રીને અમારી વિનંતી છે કે આ મામલે જલ્દીથી તપાસ કરાવે.

અનુસંધાન ... પાના છેલ્લાનું

કેવી રીતે...

પણ તપાસમાં સહકાર આપતી નહીં હોવાની વિગતો ઉચ્ચ પોલીસ અધિકારીએ પોતાની ઓળખ છૂપી રાખવાની શરતે જણાવી હતી.

રાંદેર પોલીસે...

આપતી હતી. ઉપરાંત જિતેન્દ્રની સાથે બે ભાઈઓ ગુલામ રસુલ શેખ અને ઉમર રસુલ શેખને પણ છેલ્લા 3 મહિનાથી આ ડ્રગ્સનું વેચાણ શરૂ કર્યું હતું. આ આરોપીઓએ સિગરેટનાં પેકેટમાં એમડી સંતાડ્યું હતું, પરંતુ પોલીસ તપાસમાં ભેદ ખૂલી ગયો હતો. અકીલા એક વર્ષ પહેલાં વીસ ગ્રામ એમડી સાથે રાંદેર પોલીસના હાથે ઝડપાઇ ચૂકી છે. એ વેળા ઘર ચલાવવા માટે આ ડ્રગ્સનો ધંધો કરતી હોવાની વિગત તેણે પોલીસને જણાવી હતી. જો કે, અકીલા બ્યુટીપાર્લરના વ્યવસાય સાથે સંકળાયેલી હોવાની વિગત પણ જાણવા મળી છે.

સુરત બાન્દ્રા...

એમડી ડ્રગ્સનો પર્દાફાશ કર્યો હતો. જેમાં રિક્ષા ડ્રાઇવર એઝાઝ અબ્દુલવલી મન્સુરી (ઉ.વ.૨૮) (રહે., એસએમસી આવાસ, ડોક્ટર પાર્ક રોડ, જહાંગીરપુરા) અને રિક્ષા ડ્રાઇવર શિવકુમાર રામખીલાવન ગુપ્તા (ઉ.વ.૩૩) (રહે.,પાટી નગર ઝૂપડપટ્ટી, લંબે હનુમાન રોડ, વરાછા)ને ઉધના રેલવે સ્ટેશનના ગેટની સામે રોડ નં.૦ પરથી રૂ.૫.૫૪ લાખના ૫૫.૪૫૦ ગ્રામ એમડી ડ્રગ્સના જથ્થા સાથે ઝડપી તપાસ કરી હતી. એ સાથે એમડી ડ્રગ્સ, રોકડા રૂ.૩,૯૯૦ તથા રૂ.૭૦૦૦ના ૨ મોબાઇલ ફોન અને ડોક્યુમેન્ટ મળી કુલ રૂ.૫,૬૫,૪૯૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

હવે સ્ટેટ...

પ્રમાણમાં જોવા મળી રહ્યા છે. ત્યારે ડીજી દ્વારા આ મામલે તમામ જિલ્લા પોલીસને પ્લાન તૈયાર કરીને તેનો અમલ કરવા આદેશ અપાયા છે.

NSUIના પ્રમુખ...

પ્રમુખ સહિત કાર્યકર્તાઓ દ્વારા ઇન્સ્ટિટ્યૂટ પાસેથી 1 કરોડની ખંડણી માંગવાના પ્રકરણમાં સારોલી પોલીસે સાત આરોપી પૈકી પાંચની ધરપકડ કરી છે. ધીરેન્દ્ર સોલંકી તથા અન્ય કાર્યકર્તાઓને હાલમાં કોંગ્રેસ દ્વારા સસ્પેન્ડ કરાયા છે. એનએસયુઆઈએ અગાઉ પત્રકાર પરિષદ કરીને રેડ એન્ડ વાઈટ ઈન્સટીટ્યુટનો ભાંડાફોડ તો કર્યો, પરંતુ તેમાં તોડબાજી કરવાનું ધીરેન્દ્ર સોલંકી અને તેના મળતિયાઓને ભારે પડી ગયું છે. સંખ્યાબંધ કોલ રેકર્ડિંગ અને વિડીયો પૂરાવા સાથે આ લોકોને સારોલી પીઆઇ વેકરિયા અને તેમની ટીમે ઝડપી પાડયા હતા.

એક કરોડનો તોડ કરવા માટે રીલ ઉતારીને વાયરલ કરાઇ અને પત્રકાર પરિષદ કરાઇ હતી

અમારે ખૂબ ઓળખાણ છે, અમારા વિવિધ લોકો સાથે ફોટા છે એમ કહી એક કરોડની ખંડણી માગી હતી. ત્યારબાદ સંસ્થા અને આ હોદ્દેદારો વચ્ચે સમાધાન થતા 60 લાખ રૂપિયા આપવાનું નક્કી થયું હતું. પહેલા NSUI સુરતના પ્રમુખ ધીરેન્દ્ર સોલંકી અને પ્રીત ચાવડાએ ઇન્સ્ટિટ્યૂટ પાસેથી 1.50 લાખ પડાવ્યા હતા. ત્યારબાદ ફરી 60 લાખ રૂપિયાની માગણી કરી 5 લાખ રૂપિયા લેવા માટે ગયા હતા. દરમિયાન સારોલી પોલીસે છટકું ગોઠવી સાત પૈકીના પાંચ આરોપીઓ રવિ પૂંછડીયા, પ્રીત ચાવડા, ધીરેન્દ્ર સોલંકી, મિતેશ હડિયા અને તુષાર મકવાણાની ધરપકડ કરી હતી. ઉપરાંત અભિષેક ચૌહાણ અને કિશોરસિંહ ડાભીને વોન્ટેડ જાહેર કર્યા છે.

સારોલી પોલીસે સ્ટિંગનો વીડિયો ઉતાર્યો

ઇન્સ્ટિટ્યૂટ પાસેથી NSUI દ્વારા ખ